ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૩.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૪૨.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૪.૦° સે. | ૨૩.૦° સે. |
| વ્યારા | ૪૨.૦° સે. | ૨૩.૦° સે. |



જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના દર્શન નાયકની ટિકિટ કપાતા નારાજગી

## ઓલપાડ તા.પં.ની બે સીટ પર કોંગ્રેસ ઉમેદવારોએ ફોર્મ જ ન ભર્યું

**બંને** બેઠક પર ભાજપ બિનહરિફ, કોંગ્રેસમાં નવાજૂનીના એંધાણ

### એક ઉમેદવારે કોંગ્રેસ છોડી આપમાંથી દાવેદારી કરી

આદિજાતિ અનામત સાયણ-૨ સીટ પરથી ચૂંટણી લડવા કોંગ્રેસે સાયણ હાઈસ્કૂલના નિવૃત શિક્ષક શશીકાંત ઉર્ફે શૈલેષ ચંદુભાઈ પટેલનો મેન્ડેટ મોકલ્યો હતો. પરંતુ કોંગ્રેસે દર્શન નાયકનું પત્તુ કાપતા તેણે છેલ્લી ઘડીએ કોંગ્રેસનો પંજો છોડી 'આપ' નું ઝાડું પકડતા તાલુકાની ચૂંટણીમાં દર્શન નાયકનો દબદબો નજરે પડતા કોંગ્રેસમાં નવાજૂનીના એંધાણ વતાર્ય રહ્યા છે. જો કે ટિકિટ કાપવા મામલે દર્શન નાયકે છેક દિલ્હી સુધી મોવડી મંડળને રાવ કરી છે.

સાયણ: ઓલપાડ તા.પં. ની કુલ ૨૪ સીટમાંથી ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિને સાયણ-૧ અને ૩ બે સીટ પરથી ભાજપની બન્ને મહિલા ઉમેદવાર સામે અન્ય વિપક્ષના ફોર્મ ન ભરાતા ચૂંટણીનું મતદાન થાય તે પહેલાં જ બન્ને સીટ ઉપર કેસરીયો લહેરાયો છે.

વિગત મુજબ ઓલપાડ તાલુકા કોંગ્રેસમાંથી સાયણ ૧, ૨, ૩ સીટ પરથી ઉમેદવારી ફોર્મ તો ભર્યા હતા પરંતુ સાયણ જિલ્લા પંચાયતમાં દર્શન નાયકની ટિકિટ કપતા તાલુકા પંચાયતની સાયણ સીટના ત્રણે ઉમેદવાર નિરાશ થયા હતા. જેથી ઓલપાડ તાલુકા પંચાયત પર ઓલપાડ તાલુકાના કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશોક પટેલ તથા સમીર મલેક કોંગ્રેસનો મેન્ડેટ લઈ બેઠા હતા પરંતુ કોગ્રેસનો મેન્ડેટ લેવા તાલુકા પંચાયત પર સાયણ એક અને ત્રણ નંબરની સીટના ઉમેદવાર નહીં ફરકતા શનિવારે તા.પં.ની સાયણ-૧ (સામાન્ય સ્ત્રી અનામત) સીટ પરથી ઓલપાડ તા.પં.માં ન્યાય અને સામાજિક સમિતિના પૂર્વ અધ્યક્ષ હેમુભાઈ ઉર્ફે લાલુ પાઠકની પત્ની પ્રિતિબેન સામે એક પણ ઉમેદવારે ફોર્મ ભર્યું ન હતું. જ્યારે સાયણ-3 (સામાન્ય સ્ત્રી અનામત) સીટ ઉપર પરીઆ ગામની ઉમેદવાર ભૂમિ હરદિપસિંહ મહિડા સામે પણ એક પણ ઉમેદવારે ફોર્મ ન ભરતા બંને બેઠક પર ભાજપ બિનહરીફ વિજેતા થઈ છે.

### જંબુસર પાલિકાની ત્રણ બેઠક બિનહરીફ

ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં વોર્ડ નંબર-2ના ઉમેદવાર ક્લ્પેશ ભગવતીભાઈ પટેલે ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવતાં તેમના સ્થાને ભાજપમાંથી સુકૃત મધુસૂદનભાઈ પટેલે, અનિતાબેન રાજેશભાઈ પઢિયાર અને ચૈતાલીબેન અમિતભાઈ પ્રજાપતિ ઉમેદવારી નોંધાવી હતી. આ વોર્ડમાં ભાજપની પેનલ સિવાય પ્રતિસ્પર્ધી ઉમેદવારી ન કરતાં ત્રણ ઉમેદવારો બિનહરીફ થયા હતા.

### તરસાડી પાલિકાની 7 બેઠક પર ભાજપ બિનહરિફ

હથોડા: હાલમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર થતાં ચારે કોર ગરમાટો જોવા મળે છે. ત્યારે માંગરોળ તાલુકાના તરસાડી ખાતે મતદાન થાય તે પહેલાં જ ભાજપની સાત બેઠકો બિનહરીફ થતાં અન્ય પક્ષોની હાલત 'માં મને કોઠીમાંથી કાઢ' જેવી થવા પામી છે. તરસાડી નગરપાલિકાના વોર્ડ નંબર 1, 2, 4, 5 અને 7માં ભાજપની સામે અન્ય પક્ષો ઉમેદવાર ઊભા રાખવામાં નિષ્ફળ રહેતા મતદાન યોજાઈ તે પહેલાં જ તરસાડી નગરપાલિકામાં સાત બેઠક ભાજપના ખોળામાં આવી જતાં તરસાડીમાં ભાજપ ગેલમાં જણાય છે.

### ભરૂચ તા.પં.ની પાલેજ-2 બેઠક ભાજપના હાથમાં

ભરૂચ: ભરૂચ તાલુકા પંચાયતની આગામી ચૂંટણીઓ પૂર્વે જ ભાજપે શરૂઆત કરી છે. તાલુકા પંચાયતની મહત્ત્વની ગણાતી પાલેજ-2 બેઠક પર ભાજપના ઉમેદવાર ચારુલબેન કુણાલ પટેલ સામે કોઈપણ પક્ષના ઉમેદવારે નોમિનેશન ફોર્મ ભર્યું ન હોવાથી તેમણે બિનહરીફ વિજેતા થયા છે. આ સિદ્ધિ પાછળ કિશનાડ ગામના લોકોનો મોટો ફાળો છે.

### વરેલી-૧ બેઠક પર ભાજપ બિનહરીફ

પલસાણા: પલસાણા તાલુકા પંચાયતની વરેલી-૧ બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર નેહાબેન સંજયભાઈ રાઠોડ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. વરેલી-૧ બેઠક પર અન્ય કોઈ પક્ષ કે સ્વતંત્ર ઉમેદવારે ફોર્મ ન ભરતા નેહાબેનનો વિજય નિશ્ચિત બન્યો હતો. આ જીત નેહાબેન માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે કારણ કે તેઓ એક અત્યંત સામાન્ય અને ગરીબ પરિવારમાંથી આવે છે. પિતાની છત્રછાયા ગુમાવ્યા હોવા છતાં અને માત્ર ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં, તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત જ આટલા મોટા વિજયથી થઈ છે.

## અંકલેશ્વર પાલિકાની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ

**ભાજપના** તમામ 36 ઉમેદવાર મેદાનમાં, કોંગ્રેસ 31 અને આપના 21 ઉમેદવાર

### 36 બેઠક માટે ઉમેદવારો

ભાજપ: 36 ઉમેદવાર
કોંગ્રેસ: 31 ઉમેદવાર
આમ આદમી પાર્ટી: 21 ઉમેદવાર
અપક્ષ : 4 ઉમેદવાર

અંકલેશ્વર: અંકલેશ્વર નગર સેવા સદનની આવનારી ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પૂર્ણ થતાં હવે શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. કુલ 9 વોર્ડની 36 બેઠક માટે યોજાનારી ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ સર્જાયો છે. ભારતીય જનતા પાર્ટીએ તમામ ૩૬ બેઠક પર પોતાના ઉમેદવારો ઉતારી સંપૂર્ણ શક્તિ સાથે ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યુ છે. જ્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા 36 પૈકી 31 બેઠક પર ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ આમ આદમી પાર્ટી પ્રથમ વખત નગરપાલિકા ચૂંટણીમાં પ્રવેશ કરી 21 ઉમેદવાર મેદાનમાં ઉતારતા રાજકીય સમીકરણોમાં રસપ્રદ ફેરફાર જોવા મળી રહ્યો છે.

આમ આદમી પાર્ટી દ્વારા 11 બેઠક પર ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા નથી.કોંગ્રેસે પણ કેટલીક બેઠકો પર ઉમેદવારો ઊભા કર્યા નથી અને કેટલાક વોર્ડમાં અપક્ષ પેનલને સમર્થન જાહેર કર્યું છે. વોર્ડ નં. 6 માં ભાજપની ગત ટર્મની મહિલા સભ્ય જ્યોત્સના રાણા બિનહરીફ ચૂંટાઇ આવતા હવે કુલ 36માંથી 35 બેઠક પર જ ચૂંટણી જંગ ખેલાવાનો છે.

### ભરૂચ જિલ્લાની ચાર નગરપાલિકામાં 419 ઉમેદવાર

ભરૂચ: જંબુસર નગરપાલિકાની 28 બેઠક માટે ભાજપના ઉમેદવારોની યાદી મોડી રાત્રે જાહેર થતાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે 100 ઉમેદવારી કરી છે. સાથે ભરૂચ નગરપાલિકામાં 44 બેઠકમાં 137 ઉમેદવાર, અંકલેશ્વરમાં 36 બેઠકમાં 107 ઉમેદવાર અને આમોદમાં 24 બેઠકમાં 75 ઉમેદવારે ફોર્મ ભર્યું છે. આ વખતે સ્થાનિક કક્ષાએ પોતાનું નગર મજબૂત અને માળખાગત સુવિધાઓ પર મતદારો ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ કરીને ભરૂચ નગર પાલિકાને "મહાનગરપાલિકા" બનવાની મહા આશા ચૂંટણીમાં મુદ્દો બને એવા સંજોગો છે.

### નર્મદા ભાજપાના વધુ ત્રણ આગેવાનનાં રાજીનામા

રાજપીપળા: સુરેશભાઈ વસાવાના રાજીનામા બાદ નર્મદા ભાજપાના વધુ ત્રણ આગેવાનોનાં રાજીનામા પડ્યા હતાં. એમ કુલ ચાર આગેવાનોનાં રાજીનામા પડતા ભાજપામાં ભડકો થયો હતો. જેમાં રક્ષિત વસાવાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાંથી હું પણ રાજીનામું આપું છું, મારા આદિવાસી સમાજ સાથે છું અને સાથે રહીશ, મારા આદિવાસી સમાજના હિત માટે હંમેશા કામ કરતો રહીશ.

જિલ્લા સંગઠન નેતાને રાજીનામું સ્વીકારી લેવા રક્ષિત વસાવાએ જણાવ્યું હતું. જ્યારે બીજા આગેવાન તડવી ધર્મેશભાઈ રાજપીપળા શહેર અનુસુચિત જનજાતી મોરચાના મહામંત્રી પદેથી રાજીનામુ આપતા ભાજપામાં હડકમ્પ મચ્યો હતો. જ્યારે રાજપીપળા મહિલા મોરચા શહેર પ્રમુખ નિધિ પ્રદ્યુંમનભાઈ શુક્લએ પણ નગરપાલિકાની ટિકિટ ન મળતા નારાજ ઉમેદવારે ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી હતું.

## વડોલીમાં પાટીદાર સમાજના મજબૂત નેતાને ભાજપે ટિકિટ નહીં આપતા રોષ

**ગ્રામજનોએ** જાહેરમાં ભાવેશ પટેલને જણાવી દીધું ગામમાં પ્રવેશવું હોય તો ખેસ ઉતારીને આવજો

### હાઈકમાન્ડના નિર્ણય પર સૌની મીટ

પ્રકાશ પટેલ આ વિસ્તારમાં પાટીદાર સમાજના મજબૂત ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા છે. જો વડોલી બેઠક પર તેમની અવગણના કરવામાં આવશે, તો તેની ગંભીર અસર તાલુકાની અન્ય બેઠકો પર પણ પડવાની પૂરેપૂરી સંભાવના છે. પાટીદાર સમાજમાં પ્રવર્તી રહેલા આ રોષને કારણે સંગઠન મૂંઝવણમાં મુકાયું છે. કાર્યકરોનું માનવું છે કે માત્ર એક જીદને કારણે તમામ ગામોના લોકોનો અવાજ દબાવવો પક્ષ માટે હાનિકારક સાબિત થશે. હવે હાઈકમાન્ડ જનતાના સમર્થન વાળા પ્રકાશ પટેલ પર પસંદગી ઉતારે છે કે કેમ તેના પર સૌની મીટ મંડાયેલી છે.

બારડોલી: બારડોલી તાલુકા પંચાયતની આગામી ચૂંટણી પૂર્વે વડોલી બેઠક પર રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ દ્વારા પ્રદેશ કક્ષાએથી હેમંતસિંહ બારડના નામની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ વડોલી સહિતના ગામોમાં વ્યાપક વિરોધ ફાટી નીકળતા સંગઠન બેકફૂટ પર આવી ગયું છે. વડોલીના ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવી સ્પષ્ટ કર્યું છે કે તેઓ સ્થાનિક અને સનિષ્ઠ કાર્યકર પ્રકાશ પટેલને જ પોતાના પ્રતિનિધિ તરીકે જોવા માંગે છે.

લોકરોષ એટલો પ્રચંડ હતો કે વડોલીના ગ્રામજનો મોટી સંખ્યામાં પૂર્વ મંત્રી ઈશ્વર પરમારની ઓફિસે પહોંચ્યા હતા અને ત્યાં ઉગ્ર રજૂઆત કરી પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. જનતાના આ દબાવ અને વ્યાપક વિરોધને માન આપીને અંતે પ્રકાશ પટેલ પાસે ઉમેદવારી ફોર્મ ભરાવવાની ફરજ પડી છે. રામજી મંદિરથી નીકળેલી એક રેલી દરમિયાન ગ્રામજનોનો ગુસ્સો સાતમા આસમાને જોવા મળ્યો હતો. અહીં વડોલીના લોકોએ ભાજપના નેતા ભાવેશ પટેલને જાહેરમાં ચીમકી આપતા જણાવ્યું હતું કે, જો તેમણે વડોલી ગામમાં પ્રવેશવું હોય તો ભાજપનો ખેસ ઉતારીને આવવું પડશે. વડોલી બેઠક હેઠળ આવતા તમામ ગામોમાં હેમંતસિંહ સામે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો એકસૂરે પ્રકાશ પટેલની તરફેણ કરી રહ્યા છે. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં હવે એ ચર્ચાએ જોર પકડ્યું છે કે જો જનતાની લાગણીને ઠેસ પહોંચાડીને પ્રદેશના મેન્ડેટને વળગી રહેવામાં આવશે, તો ભાજપને આ બેઠક પર મોટું નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

## નેતાઓ-ઉમેદવારોના પ્રવેશ પર પ્રતિબંધ

**બારડોલીની** જનતા નગર સોસાયટીમાં હોબાળો, મીડિયા કર્મીઓ સાથે ગેર વર્તન




બારડોલી: બારડોલીની જનતા નગર સોસાય ટીમાં સ્થાનિક ઉમેદવારને ટિ કિટ ન મળતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધ પ્રદર્શિત કરવા સોસાયટીના રહીશોએ રાજકીય નેતાઓ અને ઉમેદવારોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતા બેનરો લગાવ્યા હતા. આ ઘટનાને પગલે ભાજપ સંગઠનમાં દોડધામ મચી ગઈ હતી અને રવિવારે રાત્રે નગર ભાજપ પ્રમુખ અનંત જૈન સમજાવટ માટે સોસાયટી પહોંચ્યા હતા. જોકે, ત્યાં ઉશ્કેરાયેલા લોકોએ તેમને ઘેરી લીધા હતા. આ મામલાનું કવરેજ કરવા ગયેલા મીડિયાકર્મીઓ સાથે પણ રહીશોએ ગેરવર્તન કર્યું હતું. લોકોએ મીડિયાકર્મીઓ સાથે ગાળાગાળી કરી, તેમના મોબાઈલ ફોન છીનવી લીધા હતા અને રેકોર્ડ કરેલા વીડિયો તેમજ ફોટા બળજબરીપૂર્વક ડિલીટ કરાવી દીધા હતા. રાત્રે બનેલી આ હિંસક ઘટના બાદ ભોગ બનનાર મીડિયાકર્મીઓ ન્યાયની માંગ સાથે બારડોલી ટાઉન પોલીસ મથકે પહોંચ્યા હતા. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે,

## મારી છેલ્લી ટર્મ, લોકસભાની ચૂંટણી નહીં લડું: મનુસખ વસાવા

**મારા** પછી હવે યુવા કાર્યકરને તૈયાર કરવા જોઈએ: વસાવા

રાજપીપળા: સાત ટર્મથી સાંસદ રહેલા ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ હવે પછી આઠમી ટર્મમાં ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કર્યો છે. આજે કમલમ કાર્યાલય ખાતે સાંસદ મનસુખ વસાવાએ મીડિયાને જણાવ્યું હતું કે મારા પછી હવે યુવા કાર્યકરને તૈયાર કરવા જોઈએ જેથી હું હવે આઠમ ચૂંટણી નહીં લડું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે પાર્ટીએ મને ઘણું આપ્યું છે. 95માં ધારાસભ્ય બન્યો, કેશુભાઈની સરકારમાં મંત્રી બનાવ્યો. એટલું જ નહીં પણ ભરૂચ લોકસભાની સીટ ઓપન સીટ હોવા છતાં 1998 થી સતત લોકસભામાં મને આદિવાસી નેતા તરીકે જીતાડ્યો છે. એટલે મેં નિર્ણય લીધો છે કે કોઇ પણ કાર્યકર્તાને મારે તક આપવી જોઈએ. હવે મારા પછી પાર્ટી કોઇ પણ ઉમેદવાર નક્કી કરે તો મને વાંધો નથી. હવે આ મારી છેલ્લી ટર્મ છે, આઠમી ટર્મ લોકસભાની ચૂંટણી હવે હું નહીં લડું એવી જાહેરાત કરતાં ભરૂચ નર્મદાના રાજકારણમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતાં.

સાંસદ મનસુખ વસાવા ફાયર બ્રાન્ડ નેતા ગણાય છે. એમણે ભરૂચ નર્મદાના રાજકારણમાં પોતાની આગવી ઓળખ ખાસ કરીને આખાબોલા નેતા તરીકે ઓળખ છે. પાર્ટીમાં ખોટું કામ થયું હોય તો પાર્ટી સામે અવાજ ઉઠાવતા આવ્યા છે જેને કારણે આમજનતા માં તેઓ લોકપ્રિય રહ્યાં છે તો પાર્ટીમાં તેમણે આગેવાનો કાર્યકરની નારાજગી વહોરી લીધી હોવા છતાં પોતાના નિર્ણય પ્રત્યે મક્કમ રહ્યાં છે એટલે મનસુખભાઈ આખા બોલકા અને ફાયર બ્રાન્ડ નેતા તરીકે લોકોને યાદ રહેશે.

## રાજપીપળામાં દિગ્ગજોની ટિકિટ કપાઈ, નવા ચહેરાઓને સ્થાન

**માનીતાઓને** ટિકિટની લ્હાણી કરાતાં કાર્યકર્તાઓમાં રોષ

રાજપીપળા: ભાજપે આ વખતે 3 ટર્મથી વધુ ચૂંટણી લડનાર અને 60 વર્ષથી વધુ વયના ઉમેદવારોને ટિકિટ ન આપવાની કડક નીતિ અપનાવી છે, જેને કારણે અનેક મોટા માથાઓ ઘરભેગા થયા છે. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મનજી વસાવા અને પર્યુષા વસાવાની ટિકિટ કપાઈ છે. હાલના પ્રમુખ ભીમસિંગ તડવીને પણ આ વખતે તક અપાઈ નથી. પૂર્વ ધારાસભ્ય હર્ષદ વસાવાના સાળા અને પૂર્વ ઉપપ્રમુખ કિરણ વસાવાનું નામ પણ યાદીમાંથી ગાયબ છે. જોકે, કિરણ વસાવાના ભત્રીજા સ્મિત વસાવાને વાઘેથા તાલુકા પંચાયત બેઠક પરથી ઉમેદવાર બનાવી પક્ષે સંતુલન જાળવવાનો પ્રયત્ન કર્યો છે આ વખતે રસ્મિતા વસાવા (આમલેથા બેઠક)તત્કાલીન આરોગ્ય સમિતિના ચેરમેન રસ્મિતા વસાવા પર પક્ષે ફરી વિશ્વાસ મૂક્યો છે અને તેમને આમલેથા બેઠક પરથી રિપીટ કર્યા છે.આ ચૂંટણીમાં કેટલાકને લોટરી લાગી હતી. જેમકે તાલુકા પંચાયતની ઘણી બેઠકોમાં સ્ત્રી અનામત આવતા વર્તમાન સભ્યોના પત્નીઓને અને સ્ત્રી અનામત હટતા વર્તમાન સભ્યોના પતિદેવોને 'લોટરી' લાગી છે.

જોકે ભાજપાએ ઘણા નિયમો નેવે મૂકીને પણ પોતાના માનીતા લોકોને ટિકિટની લ્હાણી કરાઈ હતી. તો નગરપાલિકામાં ઘણા ઉમેદવારો ને રિપીટ કરાયા હતાં જેમાં કેટલાકને એક જ ઘરમાંથી એક કરતાં વધુ ઉમેદવારોને ટિકિટ ફાળવી દેતા લોકોમાં આશ્ચર્ય સર્જાયું હતું. આ વખતની ચૂંટણીમાં ટિકિટ ફાળવણીમાં ભારે અન્યાય થયો હોય જેની વિપરીત અસર ભાજપને ચૂંટણી પરિણામો પર પડે તો નવાઈ નહીં.

## નિઝર-ઉચ્છલ રોડ પર ગમખ્વાર અકસ્માત, 3 યુવકનાં મોત, 1ને ઈજા

**બે બાઈક** અથડાતા બેનાં સ્થળ પર જ મોત, અન્ય બાઈકચાલકનું સારવાર દરમિયાન મોત



કુકરમુંડા: શનિવારે રાત્રે આશરે 10:45 વાગ્યે નિઝર-ઉચ્છલ રોડ ઉપર ગામડી ગામના બસ સ્ટોપ નજીક અકસ્માત સર્જાયો હતો. જેમાં રૂમકીતલાવ ગામના શ્રાવણભાઈ દાસુભાઈ વસાવા (ઉં.વ.25) અને સંદીપભાઈ છગનભાઈ વસાવા (ઉં.વ.26) બન્ને હીરો પેશન પ્રો મોટરસાઈકલ (નં. GJ 26 F 7476) પર મજૂરી કામ કરીને કરણખેડા, નંદુરબારથી પરત ફરી રહ્યા હતા. તેમની સાથે વિનુભાઈ મોનુભાઈ વળવી (ઉં.વ.35, રહે, રૂમકીતળાવ) પણ હતા. તે દરમિયાન ઉચ્છલ તરફથી નિઝર તરફ આવી રહેલી બજાજ પલ્સર મોટરસાઈકલ (નં. GJ 26 AC 6275) ના ચાલક ઋષિકેશ જગદીશ વળવી (રહે., વેડાપાડા, તા.નિઝર, જિ.તાપી) એ બેફામ અને ગફલતભરી રીતે વાહન હંકારી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા સામેની જોરદાર ટક્કર મારી હતી. જે અકસ્માતમાં શ્રાવણભાઈ અને સંદીપભાઈના સ્થળ પર જ મોત નીપજ્યા હતા. અકસ્માતમાં આરોપી ચાલક ઋષિકેશ જગદીશ વળવીને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત થયું હોવાનું નોંધાયું છે. નિઝર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.વિઠ્ઠલપરા દ્વારા હાથ ધરવામાં આવી છે.

ઇશ્વરસિંહ પટેલના ભાઈ વલ્લભ પર પ્રહાર: રાજકરણ ગરમાયું

## 'એક પણ કામ બતાવે તો રાજકારણ છોડી દઈશ'

**વલ્લભદાસના** પરિવારના પાંચ સભ્યએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવતા રાજકીય ગરમાવો

અંકલેશ્વર: રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલના ભાઈ વલ્લભ પટેલે કોંગ્રેસમાંથી પરિવારના પાંચ સભ્યો સાથે ઉમેદવારી નોંધાવતા રાજકીય ગરમાવો વધ્યો છે. ઈશ્વરસિંહ પટેલે પોતાના ભાઈ પર આકરા પ્રહારો કર્યા હતા.

મંત્રી ઈશ્વરસિંહ પટેલે તેમના ભાઈ વલ્લભ પટેલ પર પરિવારવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. ઈશ્વરસિંહ પટેલે આક્ષેપ કર્યો કે, વલ્લભદાસ પોતે હાંસોટના રાજા હોય તેમ પત્ની, પુત્રી, પુત્રવધૂ અને પુત્ર પાસે પણ ફોર્મ ભરાવ્યા છે. તેમણે કોંગ્રેસ પર પણ નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસ પાસે ઉમેદવારો ન હોવાથી એક જ પરિવારના સભ્યોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

ઈશ્વરસિંહ પટેલે પોતાના ભાઈના કામકાજ પર સવાલ ઉઠાવતા પડકાર ફેંક્યો કે, વલ્લભદાસે હાંસોટમાં એક પણ કામ કર્યું હોય તો બતાવે, હું રાજનીતિ છોડી દઈશ. તેમણે એવો પણ દાવો કર્યો કે વલ્લભદાસ ભાજપમાં જોડાવા ઉત્સુક હતા, પરંતુ વ્યક્તિગત લાલસાને કારણે તે શક્ય બન્યું નહીં. આ નિવેદનોને કારણે હાંસોટ વિસ્તારમાં રાજકીય ગરમાવો વધુ તેજ બન્યો છે.

## તુંડીમાં જાહેરમાં પેશાબ કરવા મુદ્દે પરિવાર પર હુમલો

પલસાણા: પલસાણાના તુંડી ગામની રાહી લકઝરીયા સોસાયટીમાં રહેતા લક્ષ્મીબેન મનીષકુમાર પારેખના ઘરના વાડાના પાછળના ભાગે પાડોશમાં રહેતો સુરજ મદનમોહન પાંડે પેશાબ કરતો હતો. લક્ષ્મીબેનના ઘરે મહેમાનો અને જુવાન દીકરીઓ હાજર હોવાથી તેમણે સુરજને જાહેરમાં પેશાબ ન કરવા માટે ઠપકો આપ્યો હતો. આ સામાન્ય વાતથી ઉશ્કેરાઈને સુરજ પાંડે ગાળો બોલવા લાગ્યો હતો અને દોડીને પોતાના ઘરેથી લાકડી લઈ આવ્યો હતો. સુરજની સાથે તેના પિતા મદનમોહન વિજ્યશંકર પાંડે પણ લાકડી લઈને આવ્યા હતા. બંનેએ મળીને લક્ષ્મીબેન પર હુમલો કર્યો હતો. તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના ૧૮ વર્ષીય પુત્ર ચંદ્રેશ, ૧૬ વર્ષીય પુત્રી અનશીકા અને મહેમાન તરીકે આવેલી ભાણી અવન્તીકાને પણ પિતા-પુત્રએ લાકડીના સપાટા મારી ઈજાઓ પહોંચાડી હતી.

પુત્ર ચંદ્રેશને વધુ સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પલસાણા પોલીસે સુરજ મદનમોહન પાંડે અને મદનમોહન વિજ્યશંકર પાંડે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## તાજપોર પાસે બે બાઈક અથડાતા એકનું મોત

બારડોલી: સુરત જિલ્લાના બારડોલી-નવસારી રોડ પર આવેલા તાજપોર ગામ પાસે શનિવારે બે બાઈક સામસામે ભટકાતા ૨૯ વર્ષીય હિતેશભાઇ પ્રહ્લાદભાઈ ગુપ્તા (રહે., સરભોણ તા.બારડોલી)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. બનાવની વિગત મુજબ, હિતેશભાઇ પોતાની સ્પ્લેન્ડર મોટરસાઇકલ (નં. GJ 19 Q 8491) પર બારડોલીથી ગેસનો બાટલો ભરાવીને પોતાના ઘરે સરભોણ જઈ રહ્યા હતા. ત્યારે તાજપોર ગામની સીમમાં રીના મૂર્તિ આર્ટની સામે રગડ ખાડીના પુલ પર સામેથી આવતી અન્ય એક સ્પ્લેન્ડર મોટરસાઇકલ (નં.GJ 19 BL 6739) ના ચાલકે તેમને અડફેટે લીધા હતા.

અકસ્માત એટલો ભયાનક હતો કે હિતેશભાઇને માથા, મોઢા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બારડોલી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ આજે સવારે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતક હિતેશભાઇ શાકભાજી વેચીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને તેમના પરિવારમાં પત્ની સરિતાબેન તથા એક વર્ષની પુત્રી ચાંદની છે. અજાણ્યા બાઇકચાલકની બેદરકારીએ એક માસૂમ બાળકી પાસેથી પિતાની છત્રછાયા છીનવી લીધી છે. હાલમાં બારડોલી પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## BABS હાઈસ્કૂલમાં વિવાદ વચ્ચે ચૂંટણી, તમામ સભ્યો બિનહરીફ થયા



બારડોલી: ભારે વિવાદો વચ્ચે બારડોલી એક્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલની સામાન્ય ચૂંટણીમાં તમામ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. બે જૂથો વચ્ચે સત્તાની હોડમાં કાનૂની ગૂંચ ઉભી થઇ હતી. જો કે આ બધા વચ્ચે ચેરિટી કમિશનર દ્વારા ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ મંડળમાં કુલ 22 સભ્ય માટે ઉમેદવારી પત્રો મંગાવવામાં આવ્યા હતા. આ બેઠકો પૈકી સાત સભ્ય અને 1 ટ્રસ્ટીની બેઠક પાલવાડા ઔદીચ્ય બ્રાહ્મણ અશેષ માટે અનામત છે. આ અશેષ મંડળ દ્વારા આ ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આથી ઔપચારિક બનેલી આ ચૂંટણી પ્રક્રિયામાં ટ્રસ્ટી પદે એડવોકેટ ગૌતમ યુ.વ્યાસ અને કલ્પેશ પી.શાહ બિનહરીફ વિજેતા થયા હતા. જ્યારે વ્યવસ્થાપક સમિતિની 12 બેઠક માટે કુલ 14 ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા. બે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ખેંચી લેતા હસમુખ એમ.પટેલ, વ્યોમ બી.પાઠક, રમણ એન.દેસાઈ, કિરણ કે.ભટ્ટ, દિનેશ સી.દેસાઈ સહિતના તમામ 12 સભ્ય બિનહરીફ વિજેતા થયા હતા. આ ઉપરાંત દાતા મધવરામ વ્યાસ અને ડાહ્યાભાઈ ચૌહાણના પ્રતિનિધિ તરીકે અજય જોશી અને અલ્પેશ ચૌહાણને પણ સભ્ય જાહેર કરવામાં આવ્યા હતા. ગૌતમ યુ.વ્યાસ અને કલ્પેશ પી.શાહ બિનહરીફ વિજેતા થયા હતા. જો કે નરેન્દ્ર પટેલ અને સુનિલ પટેલ દ્વારા ઉમેદવારી પરત ખેંચી લેવામાં આવી હતી. આથી તમામ 12 સભ્યો હસમુખ એમ.પટેલ, વ્યોમ બી.પાઠક, રમણ એન.દેસાઈ, કિરણ કે.ભટ્ટ, દિનેશ સી.દેસાઈ, અચલ ડી.દેસાઈ, વૈભવ યુ.શાહ, પંકજ વી.જોશી, રાજેશ આર. કુલવાળા, નિલેશ પી.પટેલ, ડો. બીરેન એન. શાહ અને આયુષ પી. નાયક બિનહરીફ વિજેતા થયા હતા. આ ઉપરાંત દાતા મધવરામ વ્યાસ અને ડાહ્યાભાઈ ચૌહાણના પ્રતિનિધિ તરીકે અજય જોશી અને અલ્પેશ ચૌહાણને પણ સભ્ય જાહેર કરવામાં આવ્યા હતા.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 01:00pm, 03:30pm, 05:15pm, 08:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

### જાહેર નોટીસ

અમો એડવોકેટ મનિષકુમાર પી. જોષી અંકલેશ્વરના તે અમારા અસીલ સંતોષ નારણ હાલ રહે.:-891 Harrow Crescent, Ext 1, Lenasia South 1829, Gauteng, Johannesburg, South Africa નાઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

ડી.સુરત, સબ ડી.તા.:-અબ્રામાના મોજે ગામ કઠોરની સીમમાં નીચે મુજબની ખેતીની જમીન આવેલ છે.

| ખાતા નંબર | બ્લોક/સર્વે નં. | સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|---|
| ૫ | ૧૫૨ | ૧૭૫ | ૧-૫૯-૯૭ | ૨૩.૮૧ |

ઉપરોક્ત બિનખેતી પ્રિમિયમ પાત્ર જમીનના મૂળ માલિક નારણ વલ્લભનાઓ ચાલી આવેલ. તેઓના સીધીલીટીના વારસદારો તરીકે સંતોષ નારણ ચાલી આવેલ છે. સદરહુ જમીનના મૂળ માલિક નારણ વલ્લભ તથા તેઓના વારસદાર સંતોષ નારણ છેલ્લાં ૮૦ વર્ષથી વિદેશ જોહનીસબર્ગ, દક્ષિણ આફ્રિકા મુકામે રહેતાં આવેલ હતાં. અમારા અસીલે સદરહુ ઉપરોકત જમીન કોઈને પણ કોઈ પણ પ્રકારે જમીન ગણોતે આપેલ ન હતી અને અમારા અસીલ વિદેશ જોહનીસબર્ગ, દક્ષિણ આફ્રિકા મુકામે રહેતાં હોય તેનો ગેરફાયદો લઈને સદર ઉપરોક્ત જમીનમાં ખોટાં અને ગેરકાયદેસર રીતે છગન દયારામ મોદીનાઓ ગણોતીયા બનેલ. ત્યારબાદ છગન દયારામ મોદીનાઓએ પોતાનાં સગાં ભાઈ મગન દયારામ મોદીનાઓ તર્ફે વીલ કરી આપેલ ત્યારબાદ તેઓના અવસાન બાદ મગન દયારામ મોદીના વારસદારોના ખોટી અને ગેરકાયદેસર રીતે રેવન્યુ રેકર્ડમાં નામો ચઢાવેલ છે અને તેઓની વિરૂધ્ધ હાલ સિવિલ કોર્ટ રાહે અને રેવન્યુ કોર્ટ રાહે કાયદેસરની કાનૂની કાર્યવાહી ચાલી રહેલ છે અને ટુંક સમયમાં ગેરકાયદેસર કબજો કરનારા ઈસમો વિરૂધ્ધ લેન્ડગ્રેબીંગનો ગંભીર ગુન્હો દાખલ કરી કબજો મેળવવાની કાર્યવાહી કરનાર છે. જેથી સદર ઉપરોક્ત જમીન અંગે અમારા અસીલની લેખિત સહી સંમત્તિ વિના રેવન્યુ રેકર્ડ મુજબ હાલમાં ચાલી આવેલ ખોટાં અને બોગસ માલિકો સાથે કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાએ બાનાખત, સાટાખત, વેચાણ દસ્તાવેજ કે કોઈ પણ જાતનો વ્યવહાર વહીવટ કરવો નહીં અને જો કરશે તો તેઓની વિરૂધ્ધ પણ અમો કાયદેસરની દિવાની તથા ફોજદારી રાહે કાનુની કાર્યવાહી કરીશું તે જાણશો અને તેના ખર્ચ અને પરિણામની જવાબદારી તેનાં શીરે રહેશે તેની ગંભીર નોંધ લેશો.

અસીલની સુચનાથી
સ્થળ:- અંકલેશ્વર
તા.: ૧૧/૦૪/૨૦૨૬

મારી મારફતે,
**મનિષકુમાર પી. જોષી** (એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઈ.બી.ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો.:-અંકલેશ્વર, તા.:-અંકલેશ્વર, જિ.:-ભરૂચ-૩૯૩૦૦૧ મો.નં.:-૯૨૬૫૬૫૯૭૩૦